રાજ્યમાં કોરોના રોકેટ ગતિએ : નવા ૮૧૫૨ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૮૧ વ્યક્તિના મોત : રાજ્યમાં વધી રહેલા કેસે લોકોની ચિંતા વધારી છે, ૨૪ કલાકમાં નોંધાયેલા કેસ અને મૃત્યુએ નવો રેકોર્ડ બનાવ્યો

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે. જે પ્રકારે કેસમાં વધારો થઈ રહ્યો છે તે ચિંતાનો વિષય છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧૫૨ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન કુલ ૮૧ દર્દીઓના મોત થયા છે. ગુજરાતમાં આ એક દિવસમાં કેસ અને મૃત્યુનો રેકોર્ડ છે. રાજ્યમાં અમદાવાદમાં ૨૭ અને સુરત શહેરમાં ૨૫ દર્દીઓના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ રાજ્યમાં ૩૦૨૩ લોકો સાજા થયા છે. આ સાથે ગુજરાતમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩ લાખ ૭૫ હજાર ૭૬૮ થઈ ગઈ છે. કોરોનાથી રાજ્યમાં ૫૦૭૬ લોકોના મોત થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૨૭ લોકોના મોત થયા છે. તો સુરત શહેરમાં ૨૫, રાજકોટ શહેરમાં ૮, વડોદરા શહેરમાં ૬, બનાસકાંઠા, ગાંધીનગર શહેર, રાજકોટ ગ્રામ્ય, સાબરકાંઠામાં બે-બે તથા અમદાવાદ ગ્રામ્ય, આણંદ, ભરૂચ, ગાંધીનગર ગ્રામ્ય, જુનાગઢ, સુરત ગ્રામ્ય અને વડોદરા ગ્રામ્યમાં એક-એક દર્દીના મોત થયા છે. આમ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૨૬૩૧, સુરત શહેરમાં ૧૫૫૧, રાજકોટ શહેરમાં ૬૯૮, વડોદરા શહેરમાં ૩૪૮, સુરત ગ્રામ્ય ૩૧૩, મહેસાણા ૨૪૯, ભાવનગર શહેર ૧૬૧, ભરૂચ ૧૬૧, વડોદરા ગ્રામ્ય ૧૩૮, જામનગર ૧૨૧, નવસારી ૧૦૪, બનાસકાંઠા ૧૦૩ અને ભાવનગરમાં ૧૦૩ કેસ નોંધાયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસ વધીને ૪૪૨૯૮ થઈ ગયા છે. જેમાં ૨૬૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં ૩ લાખ ૨૬ હજાર ૩૯૪ લોકો સાજા થયા છે. અત્યાર સુધી ૫૦૭૬ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૮૬.૮૬ ટકા આવી ગયો છે.

ગુજરાત બહાર ઓક્સિજન સપ્લાય કરતી કંપનીઓ સામે રોક લગાવવા પ્રબળ માંગ

રીલાયન્સ સહીતની કંપનીઓ ઇન્ડસ્ટ્રીયલ હેતુથી બહાર સપ્લાય બંધ કરે : કોવિડના દર્દીઓને પ્રથમ અગ્રતા મળે તે મુજબ આયોજન કરવા સરકારે આયોજન કરવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૧૫

ગુજરાતમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. રોજબરોજ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. ત્યારે દવા અને ઇન્જેકશન સાથે ઓક્સિજનના સપ્લાયની માંગ પણ વધી છે. ઓક્સિજનની વ્યવસ્થા વિના પણ દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. આવી દયાજનક સ્થિતિ વચ્ચે ગુજરાતમાં ઓક્સિજનનુ ઉત્પાદન કરતી કંપનીઓ રાજય બહાર ઇન્ડસ્ટ્રીયલ સપ્લાય ન કરે તે માટે પણ સરકારે ત્વરિત પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઇ છે. સ્થાનિક કંપનીઓ ઓક્સિજન બહાર સપ્લાય ન કરે પરંતુ ગુજરાતમાં કોવિડ હોસ્પિટલ તેમજ દર્દીઓને ઓક્સિજન સપ્લાય મળી રહે તેવુ આયોજન કરવા અસરકારક પગલા લેવાય તે માટે ઉત્પાદક કંપનીઓને પણ જરૂરી સુચના આપવી અનિવાર્ય બની છે.

કોરોનાના કહેર સતત વધી રહ્યો છે. કોરોનાના દર્દીઓ વધવાની સાથે ઘાતક બનતા કોવિડના લીધે મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધ્યો છે. ત્યારે એકબાજુ હોસ્પિટલમાં દવા અને ઇન્જેકશનનો કકળાટ પણ દર્દીઓ માટે મુસીબતનુ કારણ બન્યો છે. રેમડેસિવર ઇન્જેકશનના મામલે છેલ્લા એક સપ્તાહથી દર્દીઓ રઝળપાટ કરી રહ્યા છે. આખરે આ વ્યવસ્થા યોગ્ય કરવાની દિશામાં પગલા લેવાઇ રહ્યા છે. પરંતુ માત્ર દવા અને ઇન્જેકશન જ નહી ઓકિસજનની ડીમાન્ડ પણ વધી છે. હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને ઓક્સિજનની તાતિ જરૂરિયાત ઉભી થાય છે. કોરોનાના બીજા રાઉન્ડમાં દર્દીમાં ઓક્સિજનની કમી મહેસુસ થતી હોવાની ફરિયાદો પણ વધી છે જયારે આ દરમિયાન યોગ્ય સારવાર કે ઓક્સિજન ન મળે તો દર્દીનુ મૃત્યુ થવાના પણ પીડાદાયી અને દુખદાયી કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવા સંજોગોમાં ગુજરાતમાં ઓકિસજનનો જથ્થો પુરતો મળી રહે તેવી વ્યવસ્થા સરકાર કક્ષાએથી કરવા યોગ્ય પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગુજરાતમાં લીક્વીડ ઓક્સિજનનુ ઉત્પાદન કરતી વિવિધ કંપનીઓમાં તારાપુર નજીક ઇનોક્સ અને જામનગર રીલાયન્સ દ્વારા પણ અન્ય ઠેકાણે ઇન્ડસ્ટ્રયલ ઉપયોગ માટે ઓક્સિજનનો જથ્થો સપ્લાય કરવાનુ બંધ કરી દેવુ જોઇએ. લીન્દેએ મહારાષ્ટ્ર સ્થિત પ્લાન્ટના આધારે ગુજરાતમાં સપ્લાય બંધ કરી દીધો છે. આવા સંજોગોમાં હોસ્પિટલમાં પણ ઓક્સિજન બેડ ઉપલબ્ધ નથી કોવિડના દર્દીઓની ઓક્સિજન જરૂરિયાત સંતોષાય તે માટે પુરતી વ્યવસ્થા અનિવાર્ય બની છે. ગુજરાતની કંપનીઓએ પણ રાજયમાં ઓક્સિજનની ડીમાન્ડને ધ્યાને લઇ કોવિડના દર્દીઓને નવા શ્વાસ આપવા માટે બહાર સપ્લાય બંધ કરી દેવો જોઇએ. સરકારે પણ આ મામલે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે ત્વરિત આયોજન કરવુ જોઇએ તેવી માંગણી અને લાગણી પણ આમ નાગરિકોમાં પ્રબળ બની છે.

ગુજરાત હાઈકોર્ટની રાજ્ય સરકારને કોરોના સંદર્ભે કામગીરી સુધારવા ટકોર

અમદાવાદ,તા.૧૫

કોવિડ-૧૯ની સ્થિતિ સંભાળવામાં ગુજરાતની હેલ્થ મશીનરી નિષ્ફળ રહી હોવાના અહેવાલોની ગંભીર નોંધ લેતાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારની આજે બરાબરની ઝાટકણી કાઢી હતી. સરકારની અમુક નીતિઓ સામે સ્પષ્ટ શબ્દોમાં ભારોભાર નારાજગી વ્યક્ત કરતા સુઓમોટો ન્ની સુનાવણીમાં હાઈકોર્ટે સરકારને કેટલાક સણસણતા સવાલો કર્યા હતા. ત્યારે આજે ફરી હાઈકોર્ટની ઓનલાઈન સુનાવણી શરૂ થઈ છે, જેમાં ફરી રેમડેસિવિર ઈન્જેક્શનના મામલે કોર્ટ સરકારને ખખડાવી રહી છે.

સિનિયર એડવોકેટ આંનદ યાજ્ઞિકે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે દરેક જિલ્લામાં ઈ્ઁઝઇ ટેસ્ટ લેબ હોવી જોઈએ તેમજ દરેક મ્યુનિસિપાલિટીમાં પણ ટેસ્ટિંગ ફેસિલિટી હોવી જોઈએ. ટ્રાઇબલ વિસ્તારો જિલ્લામાં ઈ્ઁઝઇની બહુ તકલીફો છે; બેડ પણ મળતાં નથી, સાથે જ ગ્રામીણ વિસ્તારોમાં ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની સુવિધા ઊભી કરવી જોઈએ, ગામડાંમાં ડોકટરોની કમી છે, જેના પર ધ્યાન આપવું જોઈએ.

હાઈકોર્ટે આકરા તેવર બતાવીને ગુજરાત સરકારને પૂછ્યું કે, ૧૫ અને ૧૬ માર્ચથી ગુજરાતમાં કોરોના કેસોમાં ઉછાળો આવ્યો છે. તેમ છતાં કોરોના ટેસ્ટીંગ કેમ ઓછું કર્યું. ત્યારે આ મુદ્દે ગુજરાત સરકારના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ રજૂઆત કરતા કહ્યું હતું કે, નવેમ્બર મહિનાથી કેસ ઘટ્યા હતા, માટે ટેસ્ટીગ ઓછું કર્યું હતું. સરકારને પણ કોરોનાની સ્થિતિ માટે ચિતા છે. હાલ ખ્રદ્બઞ્ઠ ગ્રાઉન્ડ પર ઁિ ટેસ્ટ માટે કાર થ્રુ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. ય્સ્ઢઝ ગ્રાઉન્ડ પર હોસ્પિટલ બાધવાનુ આયોજન રાજ્ય સરકારે ૧૫ દિવસ પહેલા પી.આઈ.એલ પહેલા જ કર્યુ હતું. રાજ્ય સરકાર ખૂબ જ ગંભીર અને સંવેદનશીલ છે. આખીય મશીનરી કોવિડ ૧૯ માટે ટોપથી બોટમ સુધી રાજ્ય સરકારની તમામ મશીનરી કોરોના નિયંત્રણ માટે લાગેલી છે.

ગાંધીનગર પ્રકૃતિને સાચવીને વિકસેલું શહેર છે જેના દરેક વિસ્તાર કુદરતી સૌંદર્યથી તરબતર છે. શહેરના બાગ બગીચા તો નયનરમ્ય સુંદરતા ધરાવે છે પરંતુ પાટનગરના રાજમાર્ગોની આસપાસ વનરાજી પણ આહલાદક નજારો ધરાવે છે. ગ્રીષ્મની ઋતુમાં આ વનરાજીમાં ખીલી ઉઠતો ગરમાળો શહેરની કુદરતી સંપદાનું મોંઘેરું ઘરેણું છે જેને નિહાળતા જ શીતળતાનો અનુભવ થયાં વિના રહેતો નથી.

કોરોના કોર્નર

- પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહે ધો. ૫, ૮ અને ૧૦ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનની જાહેરાત કરી.
- દિલ્હીમાં શુક્રવાર રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી સોમવારે સવારે ૬.૦૦ વાગ્યા સુધી વીક એન્ડ કરફ્યુ જાહેર કરાયો.
- ભાવનગરના મહુવા ડાયમન્ડ એસોસીએશને સ્વયંભુ લોકડાઉનનો નિર્ણય કર્યો.
- હરિયાણામાં બોર્ડની ધો. ૧૦ ની પરીક્ષા રદ કરાઈ જ્યારે ધો. ૧૨ ની પરીક્ષા સ્થગિત કરાઈ.
- ભાજપના પ્રદેશ પ્રમુખ ગોરધન ઝડફીયા કોરોનાથી સંક્રમિત થયા.
- પશ્ચિમ બંગાળમાં ચૂંટણી સભાઓની ભીડ જીવલેણ બની, કોંગ્રેસના ઉમેદવારનું કોરોનાથી મૃત્યુ.
- કડોદરા ખાતે સ્મશાનમાં સુકા લાંકડા ખુટી પડ્યા, છેલ્લા પાંચ દિવસમાં ૧૩૫ મૃતદેહોને અગ્નિસંસ્કાર અપાયા.
- રીલાયન્સ રીફાયનરી રોજ ૧૦૦ મેટ્રીક ટન ઓક્સિજન મુંબઈ મોકલશે.
- ભાજપના પ્રદેસ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા કરાયેલ ઈન્જેક્શનના વિતરણ સામે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ હાઈકોર્ટમાં રીપીટીશન દાખલ કરી.
- સોલા ઉમિયા ધામમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા સંસ્થા દ્વારા રજુઆત.
- દેશના અનેક ભાગોમાં ઓક્સિજનની મોટી અછત.
- સુરતમાં સ્મશાન ગૃહોને ૧૫ ટન લાકડા સી. આર. પાટીલે પહોંચાડ્યા.
- રાજકોટમાં બોલબાલા ટ્રસ્ટે ૧૦૦૦ ઓક્સિજન સીલીન્ડર ખરીદી જરૂરીયાતવાળા દર્દીઓને સેવામાં પહોંચાડ્યા.
- મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૮,૯૫૮ કેસ નોંધાયા.
- રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૦ કોરોના દર્દીના મોત.
- કુંભમેળામાં ૧૭૦૧ ભાવિકો કોરોનાથી સંક્રમિત થયા.
- સુપ્રિમકોર્ટમાં જસ્ટીશ એમ.આર. શાહનો તમામ સ્ટાફ કોરોનાથી સંકળાયો.
- દેશમાં ૧૫મી એપ્રિલ સુધીમાં ૧૧ કરોડ ૪૪ લાખ ૯૩ હજાર બસો આડત્રીસ નાગરીકોએ વેક્સિન લીધી જેમાં પ્રથમ ત્રણ સ્થાને મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ છે.
- ગુજરાત એસ.ટી. દ્વારા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના રૂટ સ્થગિત કરાયા.
- લોકડાઉનના ભયથી કાલુપુર રેલવે સ્ટેશને પર પ્રાંતિયોનો ભારે જમાવડો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને ઝારખંડ જતી ટ્રેનો હાઉસફુલ.
- સુરતમાં એક મહિનો દરરોજ ૬ હજાર આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરાશે.
- મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના પુત્ર કાર્તિકેય કોરોનાથી સંક્રમિત.
- વડોદરામાં કોરોનાથી ૭૫ બાળકો સંક્રમિત.
- ખેરાલુના નાયબ મામલતદારનું કોરોનાથી નિધન.
- ગુજરાત યુનિવર્સિટીમાં ૫૦ ટકા સ્ટાફથી કામગીરી.
- અમેરિકામાં ફરી કોરોનાના કેસ વધ્યા, હવે રોજના ૭૦ હજારથી વધુ કેસ.

ઈડરના વેપારીઓનું કોરોનાને હરાવવા આજથી ૧૫ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન

સાંજના ૪-૦૦ થી સવારના ૫-૦૦ સુધી ધંધા-રોજગાર બંધ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫

કોરોનાની મહામારીએ શહેરી વિસ્તારોને સંક્રમિત કરવાનું શરૂ કરતાં વેપારીઓ ફફડ્યા છે અને એક પછી એક સ્વૈચ્છીક લૉકડાઉનનો અમલ કરી રહ્યા છે. ઈડરમાં કોરોનાના સંક્રમણને અટકાવવા તંત્ર અને વેપારીઓ વચ્ચે બેઠક પછી વેપારીઓએ સ્વૈચ્છીક લૉકડાઉનને સ્વીકારી લીધું છે. આજે તા.૧૬ એપ્રિલ થી ૧૫ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન અમલી બનશે.

અગાઉ કોરોનાના આગમન સમયે તંત્રના લૉકડાઉનમાં પોલીસને સપ્તાઈ દાખવવી પડતી હતી. ક્યાંક દંડા વિંઝવા પડ્યા હતા તો ક્યાંક ડ્રોન ઉડાડવાની ફરજ પડી હતી. પરંતુ વર્ષ-૨૦૨૧ ના એપ્રિલ મહિનામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બની જતાં તંત્ર અને આરોગ્ય વિભાગને કોઈને પણ કહેવા જવું પડતું નથી અને વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉનની તરફેણ કરી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લીમાં પ્રથમવાર ગ્રામ્ય વિસ્તારોના વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનનો માર્ગ અપનાવતાં શહેરી વિસ્તારના વેપારીઓએ પણ ધંધા-રોજગાર કરતાં પોતાનો જીવ વધુ કિંમતી છે તેવું મોંડે મોંડે સમજી અનેક શહેરી વિસ્તારોમાં સ્વૈચ્છીક લૉકડાઉન શરૂ થયા છે. ઈડરમાં કોરોના બેકાબુ બનતાં સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ પણ ખૂટી પડે તેવી સ્થિતિ હતી. આ સંજોગોમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે વેપારીઓ પાસે સ્વૈચ્છીક લૉકડાઉન એકમાત્ર વિકલ્પ હતો. સ્થાનિક તંત્ર સાથે વેપારીઓએ પરામર્શ કરી આજથી ૧૫ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન અમલી બનાવી દીધું છે.

સાંજના ૪-૦૦ થી બીજા દિવસ સવારના ૫-૦૦ સુધી ધંધા-રોજગાર એક પખવાડીયા માટે બંધ રાખવાનો વેપારીઓએ નિર્ણય કર્યો છે. જ્યારે આવશ્યક ચીજવસ્તુઓની દુકાનોને સ્વૈચ્છીક લૉકડાઉન લાગુ પડશે નહીં.

કોરોનાનું ગ્રહણ : તલોદના વેપારીઓનું ૧૦ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન

દરરોજ સવારે ૬-૦૦ થી બપોરે ૨-૦૦ બજાર ખુલ્લું રહેશે, શનિ-રવિ સંપૂર્ણ લોકડાઉન

તલોદ, તા.૧૫

કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં વેપાર જગત ફફડ્યું છે. તલોદમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યા પછી વેપારીઓએ સ્થાનિક તંત્ર સાથે બેઠક યોજી આજે તા.૧૬ થી ૨૫ મે. સુધી ૧૦ દિવસનું સ્વૈચ્છીક લૉકડાઉન જાહેર કર્યું છે. દરરોજ સવારે ૬-૦૦ થી બપોરે ૨-૦૦ સુધી બજાર ખુલ્લું રહેશે. શનિ-રવિ સંપૂર્ણ લૉકડાઉનનો અમલ કરાશે. જ્યારે મેડીકલ, દૂધ સહિતની આવશ્યક સેવાઓ રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવશે.

જિલ્લાના તમામ તાલુકા મથકોમાં કોરોનાના કેસમાં પાછલા એક સપ્તાહમાં ઉછાળો આવ્યો છે. હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યા છે. ઓક્સિજન અને જરૂરી ઈન્જેક્શનની અછત છે. ત્યારે પ્રજા હજુ વધુ લાપરવાહ બને તો આગામી પખવાડીયામાં ભયંકર સ્થિતિ નિર્માણ થવાની આશંકા ઉભી થઈ રહી છે. આ સંજોગોમાં બાયડ, સાઠંબા, મોડાસા, વિજયનગર, ભિલોડા, ઈડર, ખેડબ્રહ્માના વેપારીઓએ સ્વૈચ્છીક લૉકડાઉનનો માર્ગ અપનાવ્યા પછી હવે તલોદના વેપારીઓએ પણ તલોદ મામલતદાર અગરસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં સ્વૈચ્છીક લૉકડાઉનનો નિર્ણય કર્યો છે. આગામી તા.૨૫ મે. સુધી સ્વૈચ્છીક લૉકડાઉનનો વેપારીઓ અમલ કરશે તેમ સ્થાનિક સૂત્રોએ જણાવ્યું છે. વેપારીઓ સાથેની બેઠકમાં તલોદ તાલુકા વિકાસ અધિકારી, તલોદ પાલિકા ચીફ ઓફીસર, પી.એસ.આઈ. સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીમાં કોરોનાનો કોહરામ

૩૬ કલાકમાં ૧૦થી વધુ મોત, ઈન્જેકશન, ઓક્સિજનના અભાવે દર્દીઓની હાલત કફોડી...!!

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દિનપ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહયો છે તો બીજી તરફ ખાનગી હોસ્પિટલોમાં બેડની અછત છે અને રેમેડીસીવીર ઈન્જેકશન માટે પણ લોકો આમથી તેમ દોડી રહયા છે. જયારે કોવિડ હોસ્પિટલોમાં પુરતાં ઓક્સિજનનો અભાવ હોવાથી દર્દીઓની હાલત પણ કફોડી બની જવા પામી છે.અરવલ્લી જીલ્લામાં કોરોનાના દર્દીઓ સાથે મોતનો આંકડો સતત વધવા લાગતા લોકોમાં ભારે ભય પ્રવર્તી રહ્યો છે જીલ્લામાં છેલ્લા ૩૬ કલાકમાં ૧૦ થી વધુ લોકોના કોરોનાથી મોત નિપજતા ભારે ચકચાર મચી છે કેટલાક દર્દીઓને સમયસર ઓક્સીજન અને સારવાર ન મળતા દર્દીઓએ દમ તોડી દીધો હોવાનો પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે વહીવટી તંત્ર કોરોનામાં સપડાયેલ દર્દીઓ માટે સતત દોડધામ કરી રહી હોવાની સાથે બેડની સંખ્યા અને કોવીડ-૧૯ સેન્ટર ઉભા કરવાની સાથે ખાનગી હોસ્પિટલોને પણ સરકારી ગાઈડલાઈન અનુસાર કોરોનાના દર્દીઓની સારવાર કરવા તંત્ર તબીબો સાથે વાટાઘાટો શરૂ કરી દીધી છે

મોડાસા શહેર અને જિલ્લામાં કોરોનાના કેસોમાં દિનપ્રતિદિન વધારો નોંધાઈ રહયો છે તો બીજી તરફ પુરતી સગવડતા નહીં મળવાના કારણે અનેક દર્દીઓ મોતને પણ ભેટી રહયા છે. મોડાસા શહેર અને જીલ્લામાં પણ કોરોનાના કેસ બેકાબુ બન્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ વધી રહેલા કેસોથી લોકોમાં ફફડાટ ફેલાયો છે ત્યારે ખાનગી હોસ્પિટલોમાં બેડની અછત છે તો રેમેડીસીવીર ઈન્જેકશન માટે પણ દર્દીઓના સ્વજનો આમથી તેમ ભટકવું પડે છે. કોરોના દર્દીઓ માટેના ઈન્જેકશનો ઉપલબ્ધ ના હોવાથી સ્વજનોને ભારે હાડમારી ભોગવવી પડે છે તો ઘણા કિસ્સામાં ઉંચી કિંમત ચુકવીને ઈન્જેકશન લાવવા પડે છે. ઈન્જેકશનની અછત હોવાના કારણે ખાનગી તબીબો પણ સારવારમાં લાચાર બન્યા છે.

જીલ્લામાં મલ્ટીપ્લેક્સ સારવાર કરતી હોસ્પિટલોને કોવિડ સારવારની મંજુરી આપી તો છે પરંતુ હોસ્પિટલોને ઈન્જેકશનનો જથ્થો પૂરતા પ્રમાણમાં ના ફળવાતાં દર્દીઓને રઝળી પડવાની નોબત આવી રહી છે. આમ જીલ્લામાં લોકો હાલમાં ઓક્સિજન અને ઈન્જેકશનના અભાવે મુશ્કેલીનો સામનો કરી રહયા છે ત્યારે થોડા દિવસ અગાઉ જીલ્લાના ત્રણે કોંગ્રેસી ધારાસભ્યોએ જિલ્લા કલેકટર સમક્ષ ઈન્જેકશન તેમજ ઓક્સિજનનો જથ્થો કોવિડ હોસ્પિટલો તથા સીએચસી ખાતે ઉપલબ્ધ કરાવવાની માંગ કરી હતી. હાલની પરિસ્થિતિથી વાકેફ જીલ્લા કલેક્ટર અને આરોગ્ય તંત્ર પણ સતત દોડાદોડી કરી રહ્યા છે.

મહા વિસ્ફોટ... ● છેલ્લા પાનાનું ચાલુ

વિસ્તારમાંથી ૩ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૬ કેસ મળી આવેલ છે.

કલોલના ગ્રામ્ય વિસ્તાર બોરીસણામાંથી ૫ કેસ, પલસાણા ગામેથી ૨ કેસ, આમજામાંથી ૨ કેસ, બિલેશ્વરપુરા ગામેથી ૨ કેસ ઉપરાંત પાનસર, નાસ્મેદ, ખાત્રજ, શેરીસામાંથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં આજે ઈટાદરામાંથી, આટા-આંબા, લાકરોડા, રંગપુર, માણસા અર્બન અને રિદ્રોલ ગામેથી એક-એક કેસ અને હિંમતપુરા ગામેથી બે કેસ તેમજ લોદરા ગામેથી બે કેસ મળી આવેલ છે.

જિલ્લાતંત્રએ જણાવ્યુ છે કે ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૮૫૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૭૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૭૪૬૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે કોરોનાના કેસો ૬૧ નોંધાતા તંત્ર હચમચી જવા પામ્યુ છે. આજે નોંધાયેલા કેસોમાંથી માત્ર ૧ દર્દીને જ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

શહેરમાં હવે હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા વધતાં તંત્રમાં એક નવી ચિંતા શરૂ થઈ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવાની સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૫ માંથી ૧૩, સે. ૮ માંથી ૮, સે. ૩૦ માંથી ૭, સે. ૨૨ માંથી ૫, સે. ૨૪ માંથી ૩, સે. ૨૩ માંથી ૬, જીઈબીમાંથી ૩, સે. ૨૭ માંથી ૪, સે. ૨૮ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, બોરીજમાંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૩, સે. ૩-એ-ન્યુ, સે. ૧૯, સે. ૨૯ અને સે. ૨૦ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૮ મહિલાઓ સંક્રમિત થઈ છે. ૧૬ થી વધુ દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવે છે.

શહેરમાં વધતાં જતાં સંક્રમણને લઈ શહેરના કેટલાક વિસ્તારોમાં વેપારીઓએ સ્વયંભુ લોકડાઉન પાળવાનો નિર્ણય લીધો છે. શહેરમાં સે. ૨, ૨૬, ૨૨, ૩, ૪, ૫, ૭, ૮, ૨૩, ૨૯ માંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

આજે મ્યુનિ. કમિશનરે અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં પણ વધતા જતા કેસોની સંખ્યાને લઈ ચિંતા વ્યક્ત કરી હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા માટે ખાસ તાકીદ કરી હતી. મનપાની કચેરીમાં પણ સંક્રમણ વધી રહ્યુ હોવાની વાતને લઈ પણ આજે અધિકારીઓની બેઠકમાં ચિંતા વ્યક્ત થઈ હતી.

શહેરના જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમો તેમજ માસ્ક ફરજીયાતના નિયમની અમલવારી માટે પણ તાકીદ કરવામાં આવી હતી.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૬૦૦ થી વધુ થવા પામી છે. જ્યારે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી છે. શહેરમાં આજે ૧૦ હજાર જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

શહેરમાં આજે ૪૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

૧૦૮ વગર આવતા દર્દીને દાખલ કેમ કરાતા નથી?

સરકારી અને ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે, તેવામાં સૌનું ધ્યાન ખેંચે તેવી બાબત સામે આવી

અમદાવાદ,તા.૧૫

કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે અને દિન પ્રતિદિન કેસમાં વધારો થઈ રહ્યો છે તેવામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હૉસ્પિટલમા ૧૦૮ એમ્બ્યુલન્સ વગર આવતા દર્દીઓને દાખલ નહિ કરવામાં આવતા હોવાનું સામે આવ્યુ છે. જેની સામે અમદાવાદ મેડિકલ એસોસિએશનના સભ્ય અને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર એવા ડૉ. વસંત પટેલે સવાલો ઉઠાવ્યા છે. આવા દર્દીઓના જો મોત થશે તો જવાબદાર કોણ રહેશે? તે એક સૌથી મોટો સવાલ ઉપસ્થિત થઈ રહ્યો છે. અમદાવાદની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે. તેવામાં સૌનું ધ્યાન ખેંચે તેવી બાબત સામે આવી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છસ્ઝ સંચાલિત એસવીપી હૉસ્પિટલમાં ૬૦૦ બેડની, એલજી હોસ્પિટલમાં ૨૦૦ બેડની અને શારદાબેન હોસ્પિટલમાં ૧૦૦થી વધુ બેડ કોરોનાના દર્દીઓ માટે ફાળવવામાં આવ્યા છે.

પરંતુ આ હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સિવાય અન્ય રીતે આવનારા દર્દીઓને દાખલ કરવામાં નહી આવતા હોવાનો આરોપ ડૉ. વસંત પટેલે લગાવ્યો છે. ડૉ. વસંત પટેલે તંત્ર અને તંત્રના અધિકારીઓ સામે સવાલ ઉઠાવતા જણાવે છે કે, ૧૦૮ એમ્બ્યુલન્સ સિવાય આવતા દર્દીઓને શામાટે શારદાબેન હૉસ્પિટલ, એસવીપીમાં દાખલ કરાતા નથી. ૧૦૮ એમ્બયલન્સ માટે કોલ કરવાનું ટેલિફોનિક વેઈટીંગ ખૂબ લાબું હોય છે. જો કોઈ વ્યક્તિ કોરોના પોઝિટિવ થાય અને તે હોમ ક્વૉરન્ટીન થયા છે. અચાનક તેમની તબિયત લથડી અને કોઈ કારણ એમ્બ્યુલન્સ પહોંચવામાં વિલંબ થયો ત્યારે તે દર્દી કોઈપણ માધ્યમથી હૉસ્પિટલમાં દાખલ થવા પહોંચ્યો તે દાખલ થવો જોઈએ. તેવા સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જ દર્દી દાખલ થાય તેવો આગ્રહ કેમ રાખવામાં આવે છે. આ પ્રકારના નિયમ અને કાયદા બનાવવા પાછળ લોજીક શુ છે. આ રીતે દાખલ નહિ કરીને જો દર્દીનું મૃત્યુ થાય તો જવાબદાર કોણ? આવા અન્યાયભર્યા નિયમો બનાવનાર અધિકારીઓને આ સેવામાંથી મુક્ત કરવા સરકારને અપીલ કરી છે.

સાબરમતી નદીમાંથી તરતા મળ્યા બે મૃતદેહ

ગુજરાતના સૌથી મોટા મહાનગર કહેવાતા એવા અમદાવાદમાં કોરોના વાયરસના કારણે હાહાકર મચી ગ